ગાંધીનગર સમાચાર

લેકાવાડાની ચૈતન્ય સ્કૂલમાં વાર્ષિક પ્રોજેક્ટ પ્રદર્શન યોજાયું



# ન્યુ ગાંધીનગર માંગે છે બગીચાઓ

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર શહેર જેવડું બીજું નગર નિર્માણ પામ્યું છે જે ન્યુ ગાંધીનગર તરીકે ઓળખાય છે. શહેરના સેક્ટરોમાં બગીચાની સુવિધા છે પરંતુ ન્યુ ગાંધીનગરના વાવોલ, કુડાસણ, રાયસણ, સરગાસણ સહિતના વિસ્તારોમાં કોઈ પણ સ્થળે બગીચાઓ નથી. જેથી ન્યુ વિકસિત વિસ્તારમાં વસવાટ કરતા લોકોના બાળકોને આનંદ-પ્રમોદ અને મનોરંજન માટે દુર સુધી લાંબા થવું પડે છે. આ નવા વિસ્તારમાં તંત્ર દ્વારા નવા બગીચાઓ બનાવવામાં આવે તેવી લોક માંગ ઉઠવા પામી છે.

શહેરના નિર્માણ સમયે તંત્રએ તકેદારી રાખી તમામ પ્રાથમિક સુવિધા સેકટરમાં ઉપલબ્ધ કરી છે. જેમ કે સરકારી દવાખાનું, સરકારી શાળા, શોપિંગ સેન્ટર તેમજ બગીચાઓ. નગરના દરેક સેકટરમાં વસતા નાગરિકોના બાળકોને અન્ય સ્થળે રમવા જવું પડતું નથી કે કેમ કે તંત્ર દ્વારા જાહેર બગીચા બનાવવામાં આવ્યા છે. જેનો ઉપયોગ સેકટરના બાળકો કરે છે. બગીચાના સુંદર વાતાવરણમાં બાળકો હર્ષોલ્લાસથી આનંદ મેળવતા હોય છે. દરેક સેકટરોમાં બગીચાઓ ઉપરાંત બીજા મોટા ઉદ્યાનો પણ નગરમાં હોવાથી લોકો નગરને ઉદ્યાનનગરી તરીકે પણ સંબોધે છે ત્યારે ગતિશીલ ગુજરાતમાં ગાંધીનગર શહેરે પણ હરણફાળ ભરી છે અને શહેર જેવડું જ બીજું નગર નિર્માણ પામ્યું છે. કુડાસણ, રાયસણ, રાંદેસણ, સરગાસણ, વાવોલ સહિતના નવ વિકસિત વિસ્તારોમાં લાખો લોકો વસવાટ કરે છે. પરંતુ ત્યાં જાહેર બગીચાઓ ન હોવાથી વૃદ્ધોને અને બાળકોને હાલાકી ભોગવવી પડે છે. પોતના બાળકોને લઈ દુર ગાર્ડનમાં જવું પડે છે. જો કે નગરની આન, બાન, શાન ગણતા બગીચાઓ પણ અત્યારે નિષ્કાળજીના પગલે દયનીય હાલતમાં છે. બાળકોને રમવા માટેના સાધનો પણ વ્યવસ્થિત હાલતમાં નથી ત્યારે આ ન્યુ ગાંધીનગરમાં રહેતા પરિવારો માટે પણ તંત્ર દ્વારા નવીન સુંદર બગીચાઓનું નિર્માણ કરવામાં આવે તેવી લાગણી અને માંગણી નગરજનોએ વ્યકત કરી છે.



## @ગાંધીનગર

● ફીલોસોફી ઓફ નેચર ઉપર તૈયાર કરાયેલા ચિત્રોનું બે દિવસીય પ્રદર્શન ચિત્રકાર ધીરજકુમાર રોહિત દ્વારા સરકારી જિલ્લા પુસ્તકાલય, સેકટર-૨૧ ખાતે સવારે ૧૦.૩૦ કલાકે યોજાશે.

● નાગરિક સંરક્ષણ એકમ ગાંધીનગરના તમામ વોર્ડન તથા પદાધિકારીની બેઠક આજે સાંજે ૫.૦૦ કલાકે નાગરિક સંરક્ષણ કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન ખાતે યોજાશે.

- નજાહખાનમ સૈયદ

## ચિલોડા સર્કલ પાસેથી દારૂ-બિયર ભરેલી સ્વીફ્ટ ડીઝાયર પકડાઈ

**રૂ. ૬૪,૮૦૦ના દારૂ-બિયર સાથે રખિયાલના બુટલેગરની ધરપકડ : એક શખ્સ આરોપીને થાપ આપી ફરાર**

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર નજીક ચિલોડા સર્કલ પાસે વોચમાં બેસેલી પોલીસની ટીમે દારૂ-બિયરનો જથ્થો ભરેલી સ્વીફ્ટ ડીઝાયર કાર પકડી પાડી હતી. સ્વીફ્ટ ડીઝાયર કારને ઉભી રખાવી અંદર તપાસ કરતા પોલીસની ટીમે કારમાં નજર નાંખી ત્યાં એક વિરૂ નામનો શખ્સ પોલીસને થાપ આપી રફ્ફુચક્કર થઈ ગયો હતો. ગાડીમાં તપાસ કરતાં ૧૫૬ નંગ વિદેશી દારૂની બોટલ તથા ૨૪ નંગ બિયરના ટીન મળી આવ્યા હતા. પોલીસે રૂ. ૬૪,૮૦૦ની કિંમતનો દારૂ-બિયરનો જથ્થો તથા કાર જપ્ત કરીને અમદાવાદના રખિયાલ વિસ્તારના બુટલેગર મિતેશ બાબુ શ્રીમાળીની ધરપકડ કરી લીધી છે. ચિલોડા પોલીસે ગુનો દાખલ કરી ઉંડી તપાસ આરંભી છે.

## જયોતિ મહિલા મંડળ દ્વારા બેઠા ગરબા અને ગરબા શણગાર સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૨૯

જયોતિ મહિલા મંડળ, ગાંધીનગર દ્વારા શરદ પૂનમની ઉજવણી નિમિત્તે બેઠા ગરબા સ્પર્ધા અને ગરબા શણગાર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિવક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા શેરી ગરબા શણગાર સ્પર્ધાનું ઈનામ વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ૨૫૦થી વધુ બહેનોએ ભાગ લઈ કાર્યક્રમને સફળતા પ્રદાન કરી હતી. શેરી ગરબા સ્પર્ધામાં પ્રથમ ક્રમે ગોપી મંડળ ચોક (સે-૭-બી) બીજા ક્રમે કલ્ચરલ સ્કવેર (સે-૭-સી) ત્રીજા ક્રમે ધનલક્ષ્મી ચોક (સે-૩-બી) ચોથા ક્રમે અંબિકા ચોક (સે-૬) વિજેતા રહ્યા હતાં.

બેઠા ગરબા સ્પર્ધામાં પ્રથમ ક્રમે અંબિકા ગ્રુપ, બીજા ક્રમે ધનલક્ષ્મી ગ્રુપ, ત્રીજા ક્રમે સૌરાષ્ટ્ર કચ્છ સમાજ, ચોથા ક્રમે સહિયર ગ્રુપ અને પાંચમા ક્રમે કચ્છ કાઠિયાવાડ મહિલા મંડળ વિજેતા રહ્યા હતા.

ગરબા શણગાર સ્પર્ધામાં પ્રથમ ક્રમે નર્મદાબેન પટેલ અને બીજા ક્રમે નમ્રતાબેન પટેલ વિજેતા બન્યા હતા.

ઈનામ વિતરણ કાર્યક્રમની શરૂઆતમાં પ્રસ્તાવના મીનળબેન ઓઝાએ કરી હતી. સ્વાગત પ્રવચન લતાબેન ચોકસીએ કર્યુ હતું. નિર્ણાયકગણ તરીકે જયોત્સનાબેન બુચ અને આશાબેન સરવૈયાએ સેવા આપી હતી તેમજ ગરબા શણગારના નિર્ણાયક તરીકે સોનલબેન પરીખ અને સુધાબેન પટેલે સેવા આપી હતી.

સમગ્ર કાર્યક્રમમાં પ્રમુખ સ્થાને બ્રહ્માકુમારી કેન્દ્રના તારા દીદી, અતિથિવિશેષ તરીકે જયોતિબેન થાનકી અને મમતા દત્તાણી ઉપસ્થિત રહ્યા હતા. ડૉ. પ્રવીણ ઓજા અન હર્ષાબા ધાધલે વિશેષ સહયોગ આપ્યો હતો. કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ ડૉ. ચેતના બુચે કરી હતી.

## વાતવાતમાં

● શહેરના સે-૭ શોપિંગ સેન્ટર ખાતે આવેલ યુનિયન બેંક ઓફ ઈન્ડીયાનું એટીએમનું વીજબિલ ન ભરાતા ટોરેન્ટ પાવરના તંત્રએ કનેકશન કટ કરી નાંખતા પૈસા ઉપાડવા આવતા લોકોને એટીએમના ધરમધક્કા પડે છે.

● શહેરના વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની પરીક્ષા છે જેથી અન્ય ધોરણમાં અભ્યાસ કરતા વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓનો અભ્યાસનો સમય સવારનો કરવામાં આવ્યો છે.

● સેકટર-૨-ડી ખાતે સવારના સુમારે બુલ ફાઈટ સ્થાનિક રહીશોને જોવા મળી હતી.

● સે-૩-સી કલ્ચરલ સ્કવેરમાં વડિલોને સન્માનિત કરવા માટે વિશેષ કાર્યક્રમ યોજાયો હતો.

● સેકટર-૨-એ પ્લોટ નં. ૭/૨ ખાતે ભૂમિ જોગાણી દ્વારા કરવા ચોથ નિમિત્તે વિશેષ પૂજાનું આયોજન કરવામાં આવ્યું છે. જે આજે ૪.૦૦ કલાકે યોજાશે. તો પૂજામાં જોડવા ઈચ્છુક બહેનોએ ૯૮૨૫૦ ૧૩૮૩૦ પર સંપર્ક કરવો.

- સમીર રામી
૯૯૨૪૪૪૬૬૪૫

## પાલજમાં ગ્રામજનોની પાણીની પોકાર : ગામમાં પ્રાથમિક સુવિધાના પ્રશ્નો હલ ન થતા ગ્રામજનોમાં રોષ

ગાંધીનગર, તા.૨૯

શહેરને અડીને આવેલા પાલજ ગામમાં પાણીનો કકળાટ છે. શહેરમાં સમાવિષ્ટ પાલજ ગામની કેટલીક વણઉકેલી સમસ્યાઓ આજે પણ અકબંધ હોવાનું ગ્રામજનો કહી રહ્યા છે ત્યારે ગાંધીનગર શહેર વસાહત મહાસંઘે ગામના પડતર પ્રશ્નોને લઈ તંત્ર સમક્ષ રજુઆત કરી છે. જેમાં પાણી, લાઈટ, રસ્તા, ગટર સહિતની પ્રાથમિક સમસ્યાના પ્રશ્નોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ગાંધીનગર શહેરના સમાવિષ્ટ ગામ પાલજમાં પાણીના ધાંધીયા છે. ગ્રામજનોના ઘર સુધી પાણી પહોંચતું નથી. પાણી માટે ગ્રામજનોએ રીતસર વલખા મારવા પડે છે. ગામમાં વર્ષો જુની પાણીની પાઈપલાઈન છે જે કાટ ખાઈને તુટી ગઈ છે. જુની પાઈપ હોવાથી પહોળાઈ નાની છે. જેથી ઉંચા સ્થળે આવેલા ઘરોમાં પાણી પહોંચી શકતું નથી. ગામની પાણીની પાઈપો તાત્કાલીક અસરથી બદલવાની જરુર છે. તેમજ નર્મદાના નવા નીરની રાહ ગ્રામજનો જોઈ રહ્યા છે કે તંત્ર દ્વારા કયારે પહોંચાડવામાં આવે છે. તેમજ ગામમાં વર્ષોથી ગટરનું કામ શરુ છે પરંતુ કાર્ય પૂર્ણ થયું નથી જયારે મેઈન ગટર લાઈનમાં પંપીંગ સુધી જોડાણ કરવામાં આવ્યું ન હોવાથી ગટરો ઉભરાય છે. જેને પગલે ગામમાં કાદવ કિચડ અને ગંદકી જોવા મળે છે. ગંદકીને પગલે ગ્રામજનોના આરોગ્ય સામે ખતરો ઉભો થવા પામ્યો છે. ગામમાં નિયમિત સાફસફાઈ થતી નથી તેમજ કચરો લેવા માટે ગાડી નિયમિત આવતી ન હોવાનો સુર ગ્રામજનોમાં ઉઠવા પામ્યો છે. ગામમાં સ્ટ્રીટલાઈટ શરુ ન હોવાથી અંધારપટ જોવા મળે છે. થાંભલા શોભાના ગાંઠીયા સમાન લાગી રહ્યા છે. પાલજ ગામના ગ્રામજનોની પ્રાથમિક સુવિધાઓના અખૂટ પ્રશ્નો છે. પરંતુ તંત્ર દ્વારા યોગ્ય નિરાકરણ ન આવતા ગ્રામજનોમાં રોષ જોવા મળી રહ્યો છે. ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ દ્વારા તંત્ર સમક્ષ ગામના વિવિધ પ્રશ્નોની ધારદાર રજુઆત કરવામાં આવી છે. તેમજ પ્રશ્નોનો યોગ્ય સમયમાં નીવેડો નહીં આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાનું પણ ગ્રામજનોમાં ચર્ચાઈ રહ્યું છે.

# લેકાવાડાની ચૈતન્ય સ્કૂલમાં વાર્ષિક પ્રોજેકટ પ્રદર્શન યોજાયું

ગાંધીનગર, તા.૨૯

શ્રી વિદ્યા નિકેતન ટ્રસ્ટ દ્વારા સંચાલિત લેકાવાડાની ચૈતન્ય સ્કૂલ ખાતે વાર્ષિક પ્રોજેકટોનું ભવ્ય પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શાળાના વિદ્યાર્થીઓએ પ્રોજેકટ તરીકે નાટક, સ્પર્ધા તેમજ ઓડિયો વિઝયુઅલ પ્રદર્શનના માધ્યમથી રજુ કર્યા હતા. આ કાર્યક્રમનો મુખ્ય વિષય 'સ્વચ્છતા ત્યાં પ્રભુતા' હતો. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ગંગા નદી પ્રોજેકટ, વૈદિક ગામ, ધોળાવીરાનું સ્નાનાગાર, પુનસ્ટી એક આદર્શ ગામ, સાયબર સિકયુરીટી તેમજ રીસાઈકલીંગ પેપર ફેકટરી વગેરે પ્રોજેકટો આ કાર્યક્રમના મુખ્ય આકર્ષણ રહ્યા હતા. આ ઉપરાંત સ્વાસ્થ્ય પ્રદ રસોઈ સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેના નિર્ણાયક તરીકે આઈ.એચ.એમ.ના પ્રોફેસર અનિલકુમાર સાહુ હાજર રહ્યા હતા. મનોરંજન માટે રંગલા-રંગલી દ્વારા સ્વચ્છતા ગીતો રજુ કરાયા હતા અને અંતમાં ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું.




આ વાર્ષિક પ્રોજેકટ પ્રદર્શનનું ઉદઘાટન સાબરમતી રીવરફ્રન્ટના ચેરમેન અને આઈ.એ.એસ. ડૉ. મંજુલા સુબ્રમણ્યમના હસ્તે કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના ડાયરેકટર ઈલિઝાબેથ કોશી, ટ્રસ્ટી નલીની સુબ્બારાવ, ખજાનચી રવિ ગોપાલન, પૂર્વ આઈએએસ સી.કે. કોશી, ડૉ. વી.વી.આર. સુબ્બારાવ પૂર્વ આઈપીએસ કે નિત્યાનંદન, આઈએએસ ડૉ. જયન્તિ રવિ, સાહિત્યકાર દોલત ભટ્ટ, સેંટ ઝેવિયર્સ સ્કુલના પ્રિન્સીપાલ ફાધર હેકટર, એરપોર્ટ સ્કુલના પ્રિન્સીપાલ એમ.પી. જૈન, કેન્દ્રીય વિદ્યાલયના આચાર્યા જે.મી. જેમ્સ, નિરમા ઈન્ટરનેશનલના આચાર્યા સુમિત્રા રાઘવન, અમદાવાદ ઈન્ટરનેશનલ સ્કૂલના મિનાક્ષીબેન સહિત મહાનુભાવો કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા તેમજ સફળતા બદલ સ્ટાફ તથા શિક્ષક ગણને અભિનંદન પાઠવ્યા હતા.

## વિધાનસભાના પટાંગણમાં સરદાર પટેલની પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કરાશે

ગાંધીનગર, તા.૨૯

સરદાર વલ્લભભાઈ પટેલ જન્મ જયંતિ ઉજવણી સમિતિ દ્વારા સરદાર પટેલ જયંતિ નિમિત્તે તા. ૩૧ ઓકટોબરના રોજ વિધાનસભા પટાંગણમાં સવારે ૮.૩૦ કલાકે પુષ્પાંજલીનો કાર્યક્રમ યોજવામાં આવશે. અખંડ ભારતના શિલ્પી અને ગુજરાતના પનોતા પુત્ર સરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૧મી જન્મ જયંતિ અન્વયે તેમની પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કરવામાં આવશે. સમિતિના કન્વીનર વિક્રમ પટેલે સર્વ સભ્યને હાજર રહેવા જણાવ્યું છે.

## ચિક્કાર દારૂ ઢીંચીને બેફામ ગાડી ચલાવતો હોટલ માલીક ઝડપાયો

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર-અમદાવાદ હાઈવે પર સ્થિત ભાટ સર્કલ પાસેથી ઈન્ફોસીટીના મહિલા પીએસઆઈએ મધરાત્રે વાહનચેકીંગ દરમિયાન ચિક્કાર દારૂ ઢીંચીને વર્ના ગાડી લઈને નિકળેલા બે શખ્સોને પકડી પાડયા હતા. બેફામ ગાડી ચલાવતા પકડીને તપાસ કરતા ગાડીમાં બેઠેલા બંને શખ્સો દારૂ પીધેલી હાલતમાં હોવાનું ધ્યાને આવ્યું હતું. જે પૈકી એક શખ્સ ગામઠી હોટલનો માલિક હોવાનું ધ્યાને આવ્યું છે. ઈન્ફોસીટી પોલીસે બંને સામે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી શરુ કરી છે.

**ગામઠી હોટલનાં માલિક સહીત બે શખ્સોને ભાટ પાસેથી વાહનચેકીંગ દરમિયાન મહિલા પીએસઆઈએ પકડયા**

મળતી મહિતી મુજબ ઈન્ફોસીટી પોલીસ મથકના મહિલા પીએસઆઈ એમ.આર. પટેલ રાત્રે દોઢેક વગ્યાના અરસામાં તેમની ટીમ સાથે ભાટ સર્કલ પાસે વાહન ચેકીંગ કરી રહ્યા હતા તે દરમિયાન ભાટ રીંગરોડ ટોલટેક્ષ પાસેના સર્વિસ રોડ પરથી બેફામ ગતિએ આવતી વર્ના ગાડી નં. જીજે ૧૮-બીએ ૫૪૧૫ને ઉભી રખાવી ચેકિંગ કરતા અંદર બેઠેલા બંને શખ્સો દારૂના નશામાં ચૂર થઈને ટલ્લી થઈ ગયેલી હાલતમાં જોવા મળ્યાા હતા. મહિલા પીએસઆઈએ બંને શખ્સોની ધરપકડ કરી તેમની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ બંને શખ્સો પૈકી એક શખ્સ ગામઠી હોટલનો માલિક રણાસણનો શખ્સ મનુજી જીવણજી ઝાલા અને તેનો સાથી નરેન્દ્ર રામધન શર્માની સામે સખત પગલા લઈ જામીન પર મુકત કરવામાં આવ્યા હતાં.






શહેરના ન્યુ ગાંધીનગર વિસ્તાર કુડાસણ ખાતે આવેલ મયુર ઓટો મોબાઈલ્સના શૉ રૂમ ખાતે સુંદર મજાનું સાંઈ બાબાનું મંદિર છે. આ મંદિરમાં ગુરુવારે સાંજે ૬-૦૦ કલાકે વિશેષ આરતીનું આયોજન મયુર પટેલ દ્વારા કરવામાં આવે છે. છેલ્લા પાંચ વર્ષથી નિયમિત રુપે થતી આરતી બાદ ખીચડીનો પ્રસાદ ભકતોને આપવામાં આવે છે. શ્રી સાંઈ જનકલ્યાણ ટ્રસ્ટ દ્વારા ગુરૂપૂર્ણિમાના દિવસે મોટી સંખ્યામાં ભકતોને જમાડવામાં આવે છે. આ સાંઈબાબાની આરતીનો લાભ નગરના કેટલાક મહાનુભાવો લઈ ચુકયા છે.

## સિસિકા દ્વારા બોડી ચેકઅપ કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ દ્વારા ખાસ ઈન્ટરનેશનલ કાઉન્સીલ ઓફ આયુર્વેદ બોડી ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કાઉન્સિલના વરિષ્ઠ સભ્યોએ મોટી સંખ્યામાં કેમ્પનો લાભ લીધો હતો. કેમ્પમાં દશરથલાલ પરમાર, અક્ષય રાણા, હસમુખભાઈ શાહ સહિત કાઉન્સિલના હોદેદારો ઉપસ્થિત રહ્યા હતાં.

# ૩૦-૪૦ વર્ષની યુવા મહિલાઓને સ્તન કેન્સરનું વધુ જોખમ

ઓકટોબર મહિનો સ્તન કેન્સર પ્રત્યે જાગૃતિ વધારવા માટે સ્તન કેન્સર જાગૃતિ માસ તરીકે મનાવવામાં આવે છે. આઈસીએમઆર આંકડાવારી બતાવે છે કે સ્તન કેન્સર શહેરી વિસ્તારોમાં સ્ત્રીઓમાં સૌથી સામાન્ય છે, જયાં સ્ત્રીઓમાં પ્રવર્તતા સર્વ કેન્સરમાં સ્તન કેન્સર ૩૦ ટકાથી વધુ છે. અકંદરે શહેરી ભારતમાં દરેક ૨૨માંથી ૧ સ્ત્રીને જીવનકાળમાં સ્તન કેન્સર વિકસવાનું જોખમ હોય છે.

ઈન્ડસ હેલ્થ પ્લસ દ્વારા હાથ ધરાયેલું સર્વેક્ષણ બતાવે છે કે ૩૦-૪૦ વર્ષની યુવા સ્ત્રીઓને સ્તન કેન્સર લાગુ થવાનું ઉચ્ચ જોખમ હોય છે. અગાઉ ૪૦ વર્ષ પછી આ જોખમ રહેતું હતું તે હવે ૩૦-૪૦ વય વર્ષ વચ્ચે નીચે આવી ગયું છે.

શહેરી વસતિમાંથી ૮-૧૦ ટકા સ્ત્રીઓને જાતે તપાસવાનું મહત્વ જાણ નથી. હવે વધુ હાઈ ટેક ટેકનોલોજી પર નિર્ભરતા વધી છે અને શહેરીકરણ થઈ રહ્યું છે તેને લીધે ઘણા બધા જીવનશૈલીમાં ફેરફારો આવી રહ્યા છે. ગયા વર્ષની તુલનામાં હવે સ્થૂળતા પણ સ્તન કેન્સર માટે મોટાં જોખમનાં પરિબળમાંથી એક છે. વળી આ ઉંમરની ૨૦-૨૫ ટકા સ્થૂળ સ્ત્રીઓ સ્તન કેન્સરના જોખમ હેઠળ જોવા મળી હતી. મોડેથી લગ્ન અને મોડેથી સંતાનને લીધે સ્ત્રીમાં સ્તન કેન્સર વધવાનું પ્રમાણ ૨ ટકા છે.

ઈન્ડસ હેલ્થ પ્લસના કાંચન નાઈકવાડી કહે છે.

**ઈન્ડસ હેલ્થ પ્લસ રિપોર્ટમાં તારણ**



પ્રિવેન્ટીવ હેલ્થકેર સ્પેશિયાલિસ્ટ જીવનશૈલીમાં અનુકુળ બદલાવ લાવીને આ જોખમનાં પરિબળોને ઓછા કરી શકાય છે. જો તમારી જીવનશૈલીમાં મધ્યમ ફેરફાર લાવવામાં આવે તો સ્તન કેન્સર સામે મોટી છલાંગ સાબિત થઈ શકે છે. જોખમનાં પરિબળો વિશે સૌ કઈ જાણતા નથી અને જાણે તેઓ આગળ આવવા માટે શરમાય છે. અમે સતત જાગૃતિ ફેલાવવાની કોશિશ કરી રહ્યા છીએ. ૪૦ અને વધુ ઉંમર માટે વહેલા તબક્કે સ્તન કેન્સરની શકયતાનું નિદાન કરવા માટે મહત્વપૂર્ણ તરીકે મેમોગ્રાફી પર ભાર આપવો જોઈએ અને નિયમિત અને સમયસર તપાસની આદતો કેળવવી જોઈએ.

સ્ત્રીઓમાં વહેલું માસિક બેસવું અને વિલંબિત રજો નિવૃત્તિ ટિશ્યુ પર કામ કરવા માટે એસ્ટ્રોજનને લાંબો સમય આપતાં હોવાથી સ્તન કેન્સરનું જોખમ વધારે છે. ૭-૯ ટકાને સ્તન કેન્સરનાં મૂળ લક્ષણો વિશે જાણ નથી. જેમાં ગાંઠ, સ્તનની ત્વચાના રંગમાં ફેરફાર વગેરેનો સમાવેશ થાય છે. દરેક સ્ત્રીઓ માસિક સ્વ-આકલન પ્રક્રિયા શીખવી જોઈએ અને તેના હેઠળ જવું જોઈએ. જે કરવામાં ઝડપી અને અત્યંત આસાન છે. તેનાથી નાની ખામીઓ પકડાઈ શકે છે અને સ્ત્રીઓ સ્તનમાં કોઈ પણ સામાન્ય ફેરફાર થાય તો પણ સતર્ક બની શકે છે.

## કરબલાની શહાદતની યાદમાં શનિવારે વાયઝ

ગાંધીનગર, તા.૨૯

હજરત ઈમામ હુસેન અને હજરત ઈમામ હુસેને કરબલામાં વહોરેલી શહાદતની યાદમાં જાહેર પ્રવચન (વાયઝ)નું આયોજન હુસેની કમિટી સે-૨૯ દ્વારા યોજવામાં આવેલ છે. મહોરમના દશમાની જીયારતના દિવસે તા. ૩૧મી ઓકટોબરે રાત્રે ૧૦ વાગે સે-૨૯ મદીના-મસ્જીદના ચોકમાં ભારત તેમજ વિદેશોમાં પ્રવચન આપતા વિખ્યાત સુફી સંતો અને મૌલાના સાહેબો ભાગ લેશે અને આશીર્વાદ પાઠવશે. આથી ગ્લોબલ ગુજરાતના લોકો સુધી સંદેશો પહોંચે અને ગુજરાતમાં કોમી એકતાનું વાતાવરણ સંગીન બને તે માટે મોટી સંખ્યામાં હિન્દુ-મુસ્લિમ બિરાદરો વાયઝમાં ભાગ લેશે માટે વધુ સંખ્યામાં હિન્દુ-મુસ્લિમ બિરાદરો વાયઝમાં ભાગ લેશે તે માટે આમંત્રણ પાઠવેલ છે તેમ મુસ્લિમ અગ્રણી આઝાદ મનસુરીએ જણાવેલ છે.

## ચિરવિદાય

- સ્વ. બનીયા જ્ઞાનદેવ કલ્લુભાઈ, ઉ.વ. ૩૫
- સ્વ. ગલાજી પૂંજાજી ઠાકોર, ઉ.વ. ૭૦